सत्यमेव जयते

**<u>આંક–૧ તથા ૧૪ લગત સંયુકત હુકમ</u>**

<u>સીવીલ પરચુરણ અરજી નં.૧/૨૦૨૨</u>

અરદજાર ધ્વારા સી.પી.સીના ઓર્ડર–૯ રૂલ–૪ મુજબ ડીસમીસ ફોર ડીફોલ્ડ કરેલ (રેગ્યુલર દીવાની મુકદમા નંબર ૩૩/૨૦૧૪) દાવાને રિસ્ટોર કરવા માટે હાલની અરજી કરવામાં આવેલ છે.

હાલના અરજદાર (રેગ્યુલર દીવાની મુકદમા નંબર ૩૩/૨૦૧૪) મુળ દાવાના કામે વાદી હતા અને હાલના અરજીના સામાવાળાને નોટીશ કાઢવામા આવેલ સામાવાળાએ આંક ૧૦ થી જવાબ રજુ કરી અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.અરજદારના વકીલ આજ રોજ હાજર નથી. સામાવાળાના વકીલની દલીલો સાંભળી.મુળ દાવો વાદી તર્ફે ગેરહાજર રહેવાના કારણે તા. ૧૭/૧૧/૨૦૨૧ ના રોજ ડીસ્મીસ ફોર ડીફોલ્ટ કરેલ . તેથી સદર દાવાને રીસ્ટોર કરવાની અરજી રજુ કરેલ છે અરજદારે પોતાની અરજીમા વધુમા જણાવેલ છે કે, વાદગ્રસ્ત જમીન મા અરજદારનો કાયદેસરનો હકક હીત હીસ્સો સમાયેલ છે અને જો હાલની અરજી નામંજુર કરવામા આવે તો અરજદારના મહામુલા હક્કને નુકશાન થવાની પુરેપુરી શક્યતા છે તેથી હાલની અરજી મંજુર કરી દાવો રીસ્ટોર કરી આપવા અરજદારે હાલની અરજીમા અરજ ગુજારેલ છે.

હાલની અરજી દાખલ થતાં સામાવાળાના વકીલશ્રી કોર્ટ સમક્ષ હાજર રહેલ હોય અને આંક ૧૦ થી જવાબ રજુ કરી અરજી નામંજુર કરવા  જણાવેલ છે.

અરજી ધ્યાને લેતા, રેકર્ડ પરના દસ્તાવેજ ધ્યાને લેતા તથા બંને પક્ષકારોની મૌખિક રજુઆતો ધ્યાને લેતાં તેવું જણાઈ આવેલ છે કે, હાલના કામે તા.  ક્ષ૭/૧૧/૨૦૨૧ ના રોજ રે.મુ. નં. ૩૩/૨૦૧૪ ના કામે નામદાર કોર્ટ ધ્વારા  ડીસમીસ ફોર ડીફોલ્ડનો હુકમ કરવામાં આવેલ છે. સદર કામે વાદી કોર્ટ સમક્ષ હાજર રહેલ ના હોય જેથી મુળ દાવાને ડી.ડી. કરાવામાં

આવેલ હોય ત્યારબાદ તેઓ ધ્વારા હાલની અરજી દાખલ થયેલ હોય અને હાલની અરજીના કામે અરજદાર કે જેઓ મુળ દાવાના વાદી હોય તેઓ સમયસર કોર્ટ માં હાજર રહેલ હોય તથા તેઓની અરજીની હકીકત ધ્યાને લેતા મુળ દાવોનો જો મેરીટ ઉપર નિકાલ ના થાય તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેવુ જણાઈ આવતુ નથી તથા વાદીને ભરપાઈ ના થઈ શકે તેઓ નુકશાન થવાની શકયતા હોય તથા જો હાલની અરજી મંજુર કરી મુળ દાવાનો મેરીટ ઉપર નિર્ણય થાય તો ન્યાયનો હેતુ જળાવાઈ રહે તથા કોઈ પણ પક્ષકારને કોઈ નુકશાન થાય તેવું જણાઈ આવતુ નથી. તેમજ સામાવાળાના વકીલશ્રીઓએ આંક–૧ ની અરજી ઉપર શેરો કરેલ છે કે, રીસ્ટોર કરવા સામે વાંધો નથી. તેમજ મૌખીક વીલંબ માફ કરવા માટે સંમતી દર્શાવેલ છે. હાલની અરજી શરતોને આધીન મંજુર કરવું યોગ્ય જણાઈ આવતુ હોય જેથી હાલના કામે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- આથી દાવાને રીસ્ટોર કરવાની હાલની અરજી **મંજુર** કરી રે.મુ. નં. ૩૩/૨૦૧૪ નો દાવો રિસ્ટોર કરવાનો હુકમ કરવામાં આવે છે.
- અરજદારે રે.મુ. નં. ૩૩/૨૦૧૪ ના ટ્રાયલ સમયે સમયસર કોર્ટ સમક્ષ હાજર રહેવો અને ટ્રાયલમાં વિલંબ કરવો નહીં.

**હુકમ આજ રોજ તારીખ ૩૦ મી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ– હાંસોટ
તા. ૩૦/૦૬/૨૦૨૬

(એસ.એસ.અજમેરી)
પ્રિન્સપાલ સીવીલ જજ, હાંસોટ
જીજે ૦૧૫૨૫